# સદ્દામ-ગોડિલ ગેંગ સામે નવી મુંબઇમાં પણ ગુનો નોંધાયો

**સુરત** રેલવે સ્ટેશનના પાર્કિંગ કોન્ટ્રાક્ટરને કોર્ટ કેસમાં હાજર નહીં રહેવા દબાણ કરી 50 લાખ માંગ્યા

**વેપારી** નવી મુંબઇમાં હતા ત્યારે પાકિસ્તાનના નંબર પરથી ધમકી આપતા ફરિયાદ ત્યાં થઇ

સુરત : સુરતમાં આતંક મચાવનાર કુખ્યાત સદ્દામ-ગોડીલ ગેંગ સામે નવીમુંબઇના વાશી પોલીસ સ્ટેશનમાં પણ ગુનો નોંધાયો છે. સુરત રેલવે સ્ટેશનના પાર્કિંગ કોન્ટ્રાક્ટરને તેમણે પાકિસ્તાનના નંબર પરથી કોલ કરીને રૂ.50 લાખની ખંડણી માંગી હતી. વેપારીએ ફરિયાદ નોંધાવતા વાશી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ સુરત રેલવે સ્ટેશન ખાતે પાર્કિંગ કોન્ટ્રાક્ટ સંભાળતા વસીમ યુસુફ ખાન (ઉંમર 36) ગત ફેબ્રુઆરી માસમાં પોતાની 13 વર્ષીય દીકરી આકિફાની આંખની સારવાર માટે નવી મુંબઇ ગયા હતા અને વાશી વિસ્તારમાં આવેલી લેમન ટ્રી પ્રીમિયર હોટલમાં રોકાયા હતા. આ દરમિયાન 18 ફેબ્રુઆરીના રોજ બપોરે અંદાજે સાડા ચાર વાગ્યાના અરસામાં તેમના પર અજાણ્યા આંતરરાષ્ટ્રીય નંબર પરથી વ્હોટ્સએપ કોલ આવ્યો હતો.

કોલ કરનાર વ્યક્તિએ પોતે સુરતની સદ્દામ-ગોડીલ ગેંગ સાથે સંકળાયેલા હોવાનું કહી એક કોર્ટ કેસમાં સાક્ષી તરીકે હાજર ન રહેવા દબાણ કર્યું હતું અને જો તેમ ન કરે તો ગંભીર પરિણામો ભોગવવા પડશે તેવી ધમકી આપી હતી. એટલું જ નહીં પરંતુ ગેંગના સાગરીતે રૂ.50 લાખની ખંડણીની માંગ કરી 'તારી સિસ્ટમ બેસાડી દઈશું' કહી ધમકી આપી હતી. પ્રાથમિક તપાસમાં આ નંબર પાકિસ્તાનનો હોવાનું બહાર આવ્યું છે.

## ગુજસીટોકના આરોપી શાહિદ ગોડીલની જામીન અરજી નામંજૂર

સુરત : સદામ ગોડીલ ગેંગ વિરુદ્ધ નોંધાયેલા ગુજસીટોક ગુનામાં સેશન્સ કોર્ટે આરોપી શાહિદ શબ્બીર ગોડીલની જામીન અરજી ફગાવી દીધી હતી. આ કેસની વિગત મુજબ આરોપી શાહિદ શબ્બીર ગોડીલ અને ફેસલ ઈકબાલ બચાવએ ફરિયાદી અઝરુદ્દીન અલીભાઈ ગોગાને પકડી ઈમ્તીયાઝ સદામ ઈકબાલ બચાવએ રેમ્બો છરો કાઢી ફરીયાદીના ગળા પાસે ધરી દીધો હતો. આ કેસમાં પકડાયેલા શાહિદ શબ્બીર ગોડીલે કોર્ટમાં જામીન અરજી કરી હતી. સરકાર તરફથી ડી.જી.પી નયન એલ. સુખડવાલાએ જામીન અરજી રદ કરવાની દલીલો કરી હતી, જ્યારે મૂળ ફરિયાદી અઝરુદ્દીન અલીભાઈ ગોગા તરફથી વકીલ ઝફર બેલાવાલાએ પણ એફિડેવિટ રજૂ કરી જામીન અરજીનો વિરોધ કર્યો હતો. બંને પક્ષોની દલીલો અને કેસની ગંભીરતા ધ્યાનમાં રાખી સેશન્સ કોર્ટે આરોપી શાહિદ શબ્બીર ગોડીલની જામીન અરજી નામંજુર કરવાનો હુકમ કર્યો હતો.

## પાકિસ્તાનના નંબર પરથી આવેલી ધમકીની ઓડિયો ક્લિપ

**અજાણ્યો કોલર:** "હેલો... હેલો... અરે બોલ તો સાચું, તું કોણ બોલી રહ્યો છે?"

**વસીમ (ફરિયાદી):** "હેલો, હું વસીમ બોલું છું... તમે કોણ?"

**અજાણ્યો કોલર:** "મને છોડ, કોણ બોલે છે એ મહત્વનું નથી. તું સાહીદ અને સદ્દામને બહુ પરેશાન કરી રહ્યો છે. તું કોર્ટની તારીખે કેમ જાય છે? મેં કહ્યું ને, સાહીદ-સદ્દામને બહુ હેરાન કરે છે. હવે તું તૈયાર રહેજે અને પૈસા પણ તૈયાર રાખજે, સમજાયું?"

**વસીમ:** "શેના પૈસા?"

**અજાણ્યો કોલર:** "એ તને બતાવી દઈશ. મેં આખી સિસ્ટમ લગાવી દીધી છે. તું જે ફૈઝલભાઈને પરેશાન કર્યા છે ને, તે પણ આવી રહ્યો છે. તારી આખી સિસ્ટમ બેસાડી દેશે. થોડા દિવસ સતર્ક રહેજે. કોર્ટની તારીખે જવાનું છે કે નહીં, એ હું તને કહીશ."

**વસીમ:** "પણ શેના પૈસા?"

**અજાણ્યો કોલર:** "તું જે લોકોને હેરાન કર્યા છે ને, એના પૈસા તારે આપવા પડશે. મિનિમમ 50 લાખ રૂપિયા તૈયાર રાખજે, પછી એવું ન કહેતો કે જણાવ્યું નહોતું."

## ખંડણી માટે ક્રિપ્ટોકરન્સી અને GST કૌભાંડમાં પણ સંડોવાયા હોવાની સંભાવના

તપાસ એજન્સીઓના પ્રાથમિક તારણ મુજબ સદ્દામ-ગોડીલ ગેંગ પરંપરાગત ગુનાઓ સાથે હવે આધુનિક આર્થિક પદ્ધતિઓનો ઉપયોગ કરતી હોવાનું સામે આવી રહ્યું છે. વેપારીઓને ધમકી આપી ખંડણીની રકમ સીધી રોકડમાં લેવા બદલે USDT જેવી ક્રિપ્ટોકરન્સીમાં માગવાની રીત અપનાવવામાં આવી રહી હોવાનું સૂત્રો જણાવે છે. આ રીત અપનાવવાથી નાણાંના ટ્રાન્ઝેક્શનની જાણકારી મેળવવી પોલીસ માટે મુશ્કેલ બને છે. ઉપરાંત આંતરરાજ્ય સ્તરે ચાલતા કેટલાક શંકાસ્પદ GST કૌભાંડો સાથે પણ ગેંગના કેટલાક તત્વોની સંડોવણી હોવાની ચર્ચા ચાલી રહી છે.

# ભૂલ નહીં કરવાની ખાતરી બાદ ડો. અજીત ભટ્ટનું સસ્પેન્શન રદ

**કમિ.ના** ચેકિંગ વખતે જ ગેરહાજર હતાં, સ્ટાફની અછતનો લાભ મળી ગયો

સુરતઃ સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગમાં ફરજ બજાવતા અને વિવાદમાં રહેલા ડો. અજિત ભટ્ટને આખરે સસ્પેન્શનમાંથી મુક્તિ મળી છે. જોકે, આ મુક્તિ શરતી છે, જેમાં ડોક્ટરે પોતે લેખિતમાં બાહેંધરી આપી છે કે હવે પછી તેમની કામગીરી સંતોષકારક રહેશે અને ભૂતકાળ જેવી ભૂલોનું પુનરાવર્તન થશે નહીં. હાલમાં સ્વચ્છતા સરવે ચાલી રહ્યું હોય અધિકારીઓની અછતને ધ્યાને લેતા આ નિર્ણય લેવાયો હોવાનું ચર્ચાઇ રહ્યું છે.

ફેબ્રુઆરી 2026માં સુરત મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલા 'સ્વચ્છતા અભિયાન-2026' અંતર્ગત મનપા કમિશનર નાગરાજન એમ. વહેલી સવારે ભાગળ વેજિટેબલ માર્કેટ અને સેન્ટ્રલ ઝોનના અન્ય વિસ્તારોમાં સફાઈ કામગીરીનું નિરીક્ષણ કરવા પહોંચ્યા, ત્યારે જવાબદાર અધિકારી તરીકે ડો. એ.પી. ભટ્ટ સ્થળ પર ગેરહાજર જણાયા હતા. પૂર્વ સૂચના હોવા છતાં અને અત્યંત મહત્વના અભિયાનમાં ગેરહાજરી તેમજ સુપરવિઝનમાં ગંભીર બેદરકારી દાખવવા બદલ કમિશનરે તેમને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવાનો આદેશ કર્યો હતો. સસ્પેન્શન બાદ ડો. ભટ્ટે પોતાની ભૂલ સ્વીકારી હતી અને તંત્ર સમક્ષ રજૂઆત કરી હતી કે તેમને સુધરવાની એક તક આપવામાં આવે. ડોક્ટરે ખાતરી આપી છે કે હવે પછી તેઓ પોતાની ફરજ પૂરી નિષ્ઠાથી નિભાવશે. જોકે, તંત્રએ સ્પષ્ટ કર્યું છે કે જો હવે પછી કોઈ પણ પ્રકારની શિસ્તભંગની પ્રવૃત્તિ કે બેદરકારી જણાશે, તો આ વખતે કોઈ પણ પ્રકારની રહેમદિલી રાખવામાં આવશે નહીં.

# અમરોલીમાં બીજા માળેથી પટકાતાં ત્રણ વર્ષના બાળકનું મોત

સુરત : અમરોલીમાં રમતી વખતે બીજા માળેથી પટકાતાં ત્રણ વર્ષના બાળકનું મોત નિપજ્યું હતું. મૂળ છોટાઉદેપુરના વતની શૈલેષભાઈ રાઠવા હાલ અમરોલી વિસ્તારમાં આવેલી મનીષા સોસાયટીમાં બે સંતાન સહિતના પરિવાર સાથે રહે છે. શૈલેષભાઈ મહિધરપુરા વિસ્તારમાં ચાની લારી ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેના સંતાન પૈકી 3 વર્ષીય પુત્ર દક્ષ ગુરુવારે બપોરે તેની મોટી બહેન સાથે ઘરમાં રમી રહ્યો હતો. દરમિયાન રમતી વખતે દક્ષ બાલ્કનીના ભાગેથી બીજા માળેથી નીચે પડી ગયો હતો.

બનાવની જાણ થતાં પરિવારજનો 108 એમ્બ્યુલન્સમાં તેને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ લઈ આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન આજે વહેલી સવારે દક્ષનું મોત થયું હતું.

## ઘરે ઘરે ચાલી રહી છે ગેસ સિલિન્ડરની બબાલ




■ ઇરાન અને ઇઝરાયેલ એક બીજા પર મિસાઇલ ફેંકી રહ્યાં છે પરંતુ તેની અસર અહીં જોવા મળી રહી છે. ગેસ સિલિન્ડર નહીં મળે તેવા ભયથી લિંબાયતમાં લોકો એક બોટલ માટે કલાકો સુધી લાઇનમાં ઊભા રહે છે. (તસવીર : સતીષ જાદવ)

## સંક્ષિપ્ત સમાચાર

### કોલેજના વિદ્યાર્થીઓ માટે થેલેસેમિયા ચેકઅપ અને રક્તદાન કેમ્પ યોજાયો



સુરતઃ શ્રી સુરત પાંજરાપોળ સંચાલિત તથા કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર સંલગ્ન ભરતીઆ પોલિટેક્નિક ઇન એનિમલ હસબન્ડરી અને રોટરી ક્લબ ઓફ ઉધનાના સંયુક્ત ઉપક્રમે કોલેજના વિદ્યાર્થીઓ માટે થેલેસેમિયા ચેક-અપ તથા સ્વૈચ્છિક રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત કોલેજના કુલ 75 વિદ્યાર્થીનું થેલેસેમિયા સ્ક્રિનિંગ કરવામાં આવ્યું હતું અને 20 યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું.

### કાલે સાયંબાબાનું ભવ્ય જાગરણ, જગન્નાથપુરીની ઝાંખી જોઈ શકાશે

સુરતઃ શ્રી સતગુરુ સાઇ વેલફેર ગ્રુપ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ સુરત શહેરમાં ન્યુ વીઆઈપી રોડ, ઠાકુરજી પાર્ટી પ્લોટ ખાતે તા.15મીના રોજ રવિવારે સાંજે 7 વાગ્યાથી ભક્તિભાવથી ભરપૂર સાઈબાબાનું ભવ્ય જાગરણ યોજાવા જઈ રહ્યું છે. આ વર્ષે ખાસ આકર્ષણરૂપે જગન્નાથ પુરીની ભવ્ય ઝાંખી રજૂ કરવામાં આવશે. આયોજકોના જણાવ્યા અનુસાર કાર્યક્રમ દરમિયાન ભક્તોને સાઈબાબાએ શૈલજા માઈને આપેલા અનમોલ નવ સિક્કાઓના દર્શન પણ કરાવવામાં આવશે. કાર્યક્રમમાં દિલ્હીથી પધારતા પ્રખ્યાત ભજન ગાયક જોની સૂફીજી પોતાના મધુર ભજનો દ્વારા સાઈબાબા સહિત વિવિધ દેવતાઓના ગુણગાન કરીને ભક્તોને ભક્તિરસમાં તરબોળ કરશે. આયોજકોએ સુરત શહેરના તમામ ભક્તોને આ પવિત્ર જાગરણમાં હાજરી આપવા અને સાઈબાબાની કૃપાનો લાભ લેવા માટે આમંત્રણ આપ્યું છે.

### આજે સુરત જિલ્લા કોર્ટમાં રાષ્ટ્રીય લોક અદાલત યોજાશે

સુરતઃ રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તામંડળ (નાલ્સા)ના આદેશ તથા ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ, અમદાવાદની અનુશ્રામાં જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, સુરત દ્વારા તારીખ ૧૪/૦૩/૨૦૨૬ ને શનિવારના રોજ સુરત જિલ્લાની તમામ અદલાતો અને સુરત જિલ્લાના તાબા હેઠળની તમામ તાલુકા અદાલતોમાં વિવિધ પ્રકારના સમાધાનપાત્ર કેસોનો સમાધાનથી તેમજ સ્પેશીયલ મેજિસ્ટ્રેટ સીટીંગ દ્વારા નિકાલ કરવા રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરવામાં આવેલ છે.


### આજે શ્રી ગોવર્ધનનાથજીની હવેલીનો પાટોત્સવ, સાંજે ભજન સંધ્યા યોજાશે

સુરતઃ ડુમસ રોડ ઉપર સ્થિત શ્રી ગોવર્ધનનાથજીની હવેલીનો ૩૧મો પાટોત્સવ શનિવાર તા. ૧૪મી માર્ચના રોજ ઉજવવામાં આવશે. પાટોત્સવ નિમીત્તે હવેલી ખાતે ફુલનાં પલના, ફુલમંડળી અને તિલકના દર્શન તેમજ ભજન સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું છે. ડુમસ રોડ ઉપર સ્થિત શ્રી ગોવર્ધનનાથજીની હવેલીની પ્રાણપ્રતિષ્ઠા સન ૧૯૯૫માં ષષ્ઠપીઠાધીશ ગો. વ્રજરત્નલાલજીનાં વરદ હસ્તે કરવામાં આવી હતી. હવેલીની પ્રાણપ્રતિષ્ઠાને શનિવાર તા. ૧૪ મી માર્ચના રોજ ૩૧ વર્ષ પુર્ણ થવા જઈ રહ્યા છે. પાટોત્સવમાં સવારે સાડા નવ કલાકે ફુલનાં પલનામાં ઠાકોરજીને બિરાજીત કરી લાડ લડાવવામાં આવશે. ત્યારબાદ સવારે અગિયાર કલાકે ઠાકોરજીને ફુલ મંડળીમાં વિરાજીત કરી તિલક કરવામાં આવશે. સાંજે છ થી આઠ કલાકે હવેલીનાં પ્રાંગણ ખાતે ભજન સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું છે.

### શ્રી અનાવિલ સખીવૃંદ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આજે મહિલાઓનું સન્માન કરાશે

સુરતઃ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીના ભાગરૂપે અનાવિલ સખી વૃંદ તરફથી આગામી તાઃ 14/03/2026ને શનિવારે બપોરે 3:00 થી રાત્રે 8:00 કલાક દરમિયાન શ્રી દયાળજી આશ્રમ, ગંગાબા પાર્ટી પ્લોટ, મજૂરાગેટ, સુરત. ખાતે વિવિધ ક્ષેત્રે આગવી સિદ્ધિ પ્રાપ્ત કરનાર અનાવિલ નારીરત્ન ડો. દિપ્તીબેન પી દેસાઈ, આયુષીબેન ડી દેસાઈ તથા નિરાલીબેન એમ નાયકને નારીરત્ન એવોર્ડ તથા રાધાબેન પી દેસાઇને લાઇફટાઈમ એચિવમેન્ટ એવોર્ડથી સન્માનવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. કાર્યક્રમમા ગૃહઉધ્યોગ કરતી સમાજની બહેનોને પ્રોત્સાહન આપવાનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો છે. ગૃહઉધ્યોગ કરતી અનાવિલ બહેનો પોતાની પ્રોડક્ટ જેમકે ગૃહ સુશોભનની વસ્તુઓ, ઓર્નામેન્ટ્સ, વિવિધ વાનગીઓ, સૂકા નાસ્તા, કેક, કુર્તી, સાડી, પાપડ, અથાણાં વગેરેનું પ્રદર્શન અને વેચાણ કરશે.

### કોઈના દિલને ના દુભવવું એ જ મોટો ધર્મ છેઃ જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી



સુરતઃ પાલઘર જિલ્લા સ્થિત ચીંચણી ગામમાં મુનિશ્રી સંતબાલજી પ્રેરિત વિશ્વ વાત્સલ્ય પ્રાયોગિક સંઘના આરાધના મંદિરમાં આચાર્ય પ્રવર પદ્મદર્શનસૂરિજી મહારાજ અને કલ્પવલ્લભવિજયજી મ. આદિ શ્રમણ વૃંદની પાવન પધરામણી થઈ હતી. આ કલિયુગમાં અધ્યાત્મના ઊંડાણમાં જવાની જરૂર છે. દરેક ક્ષેત્રમાં વિવિધ વિચારધારાઓ ચાલી રહી છે. તેમાં ડૂબકી મારવામાં આવે તો જરૂર આધ્યાત્મના મોતી મળી શકે છે. સર્વધર્મ પ્રત્યે સમભાવ અને સહિષ્ણુભાવ હોય તો જ ભીતરમાં મૈત્રીભાવનું પ્રાગટ્ય થાય છે. 'હું જ સાચો' અને 'મારા વિચારો જ સાચા' આવી વિચારધારા આ મોટું મિથ્યાત્વ છે. કોઈના દિલને ના દુભવવું એ જ મોટો ધર્મ છે. ચાહે કુટુંબ, પરિવાર કે સમાજ હોય પ્રત્યેક જગ્યાએ સારા અને ખરાબ બંનેય રહેવાના. ખરાબમાંથી પણ સારું શોધી કાઢવું એ પણ એક સાધના છે એમ આચાર્ય પ્રવર પદ્મદર્શનસૂરિજી મહારાજે સત્સંગ દરમિયાન જણાવ્યું હતું.

### સુરતમાં સેનબંધુ સેવા સમિતિનો 27મો સમૂહ લગ્નોત્સવ યોજાયો



સુરત : સૌરાષ્ટ્ર વાળંદ સમાજ અને સેનબંધુ સેવા સમિતિ, સુરતના સંયુક્ત આયોજન હેઠળ 27 મો સમૂહ લગ્નોત્સવ (પારેવડી સમૂહ લગ્ન) તા. 7 માર્ચે કિરણ ચોક સ્થિત શિવ ફાર્મ ખાતે ધામધૂમથી યોજાયો હતો. આ પ્રસંગે પાંચ યુગલોએ વૈદિક વિધિ મુજબ પ્રભુતામાં પગલાં માંડી પોતાના દાંપત્ય જીવનની નવી શરૂઆત કરી હતી. સમૂહ લગ્નોત્સવમાં પાંચેય દંપત્તિઓનું ઢોલ-નગારાના ગાજતાં તાલ સાથે શાહી સ્વાગત કરવામાં આવ્યું હતું. સમાજ તરફથી નવદંપતીને કરિયાવર રૂપે 80થી વધુ ઉપયોગી વસ્તુઓ - સિલાઈ મશીન, સોના નો દાણો, પાનેતર, ડ્રેસ, સાડી ઓ તેમજ ઘરવખરીની સામગ્રી અર્પણ કરી નવા જીવન માટે આશીર્વાદ આપવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં બપોરે 3 વાગ્યે જાન આગમન, સાંજે 6:30 વાગ્યે હસ્તમેળાપ અને દાતાશ્રી નો સત્કાર સમારંભ, સાંજે 7 વાગ્યે ભોજન સમારંભ તથા રાત્રે 9:30 વાગ્યે કન્યાવિદાય ની વિધિ યોજાઈ હતી. કન્યા વિદાય સમયે ભાવુક વાતાવરણ સર્જાયું હતું.

### ડો. શશિકાંત શાહ વ્યાખ્યાનમાળા, મણકો-૬ શનિવારે યોજાશે

સુરતઃ ડો. શશિકાંત શાહ સ્મૃતિ ટ્રસ્ટ અને પ્રેસિડેન્સી સ્કૂલના સંયુક્ત ઉપક્રમે શિક્ષણવીદ, કટારલેખક સ્વ.ડો. શશિકાંત શાહની સ્મૃતિમાં પ્રતિવર્ષ યોજાતી વ્યાખ્યાનમાળામાં આગામી ૧૪ માર્ચ, ૨૦૨૬ ને શનિવારે સાંજે ૫.૧૫ કલાકે જાણીતા કવિ, સાહિત્યકાર, વિવેચક પદ્મશ્રી પ્રવીણ દરજી 'સમાજની આંખ, કેળવણીની પાંખ' વિષય પર વક્તવ્ય આપશે. શિક્ષણવિદ્ હિતેન્દ્રભાઈ ચુડાવાળાના સાન્નિધ્યમાં આ કાર્યક્રમ પ્રેસિડન્સી સ્કૂલના સેન્ટ્રલ હોલમાં સમયસર શરૂ થશે.

# ચેક રિટર્ન કેસમાં આરોપીને એક વર્ષની સજા

સુરતઃ મિલકત વ્યવહારમાં લીધેલી રકમ પરત કરવા અપાયેલ ચેક રીર્ટન કેસમાં રાજકોટના કિરણભાઈ વડારીયાને એક વર્ષની કેદની સજા તેમજ રકમ રૂ.૧૬,૩૦,૦૦૦ ફરીયાદીને વળતર તરીકે ચુકવવાનો કોર્ટે આદેશ કર્યો હતો. ફરીયાદી ભાઈલાલ જગજીવન જાખણીઆએ આરોપી કિરણભાઈ વડારીયા પાસેથી મિલ્કત ખરીદવા પાર્ટ પેમેન્ટ તરીકે રૂા.૧૦,૦૦,૦૦૦ ચુકવ્યાં હતા. ત્યારબાદ આરોપી મિલકત અંગેનાં કાગળો તેમજ જવાબ આપતા ન હોય અને ફરીયાદી સાથે મિલકત વેચાણનો સોદો મૌખીક રીતે કેન્સલ કરવાનું આરોપીએ નક્કી કરી રકમ પરત આપવા આરોપીએ ચેક આપ્યો હતો. જે ચેક રિટર્ન થતાં ફરીયાદીએ એડવોકેટ નરેશ નાવડીયા દ્વારા કોર્ટમાં ફરીયાદ કરી હતી.

# 1.08 કરોડમાં ઉઠામણું કરી ફરાર બંધુઓએ પગાર પણ નથી ચૂકવ્યો

**હોટફિક્સ** ડાયમંડ અને સાડીના માલના રૂપિયા ઉપરાંત લાઇટ બિલ પણ ચૂકવ્યું નથી

## માત્ર વેપારી જ નહીં અન્ય પણ ઠગાઇનો ભોગ બન્યા

» જ્યાં ભાડે રહેતા હતા તે મકાનનું બે મહિનાનું 29,000 રૂપિયા ભાડું બાકી » જ્યાં ભાડે રહેતા હતાં તે મકાનના માલિકનું બે મહિનાનું 7000 લાઇટબિલ બાકી » જ્યાં ખાતુ ચલાવતા હતા તે મકાનનું પાંચ મહિનાનું ભાડું 1,25,000 બાકી » જ્યાં ભાડે ખાતુ ચલાવતા હતા તે મકાનનું 90હજાર લાઇટ બિલ બાકી » ખાતામાં કામ કરતા કારીગર દંપતિની 35000 રૂપિયા મજૂરી બાકી » સુપરવાઈઝરનો રૂપિયા રૂ.60,000 પગાર ચૂકવ્યા વગર નાસી છૂટ્યા

સુરતઃમગોબ વિસ્તારમાં ભાડેથી ખાતું રાખી વેપાર કરતા પુણાગામના સોજીત્રા બંધુઓએ બે વેપારીઓ પાસેથી માલ ખરીદી રૂ.1.08 કરોડમાં ઉઠમણુ કર્યું છે. વેપારીઓના તો રૂપિયા બાકી જ છે પરંતુ ઠગ સોજીત્રા બંધુઓએ કારીગરોનો પગાર, મકાનનું ભાડું અને લાઇટબિલ પણ ચૂકવ્યું નથી.

સરથાણા જકાતનાકા સ્થિત લક્ષ્મીનગર સોસાયટીમાં રહેતા લાલજી વલ્લભભાઈ પરમાર હોટફિક્સ ડાયમંડ તથા ડાયમંડ સીટનો વેપાર કરે છે. ગત 17 જુલાઈ 2025ના રોજ મગોબના ટી.ટી.સી. મોલ પાછળ આવેલા દ્વારકેશ કેમ્પસમાં ભાડેથી ખાતું રાખી ધંધો કરતા સાગર ઉર્ફે અંકિત નનુભાઈ સોજીત્રા અને તેના ભાઈ તેજસે (રહે. અર્જુનનગર સોસાયટી, પુણાગામ)તેમની પાસેથી રૂ.62,43,553ના હોટફિક્સ ડાયમંડ તથા શીટનો માલ ખરીદ્યો હતો. જેમાંથી ટુકડે-ટુકડે રૂ.21,31,200 ચૂકવ્યા હતા, જ્યારે રૂ.41,12,353 બાકી રાખ્યા હતા. ત્યારબાદ લાલજીભાઈના ઓળખીતાં વેપારી મનીષભાઈ ઘનશ્યામભાઈ માલાણી પાસેથી સાડી તેમજ સાડી ઉપર કરાયેલા જોબવર્કના મળીને રૂ.9,35,058 પણ લેવાના નીકળતા હતા. આ રીતે બંને વેપારીઓના કુલ રૂ.93,51,636 બાકી હોવા છતાં આરોપી ભાઈઓએ કોઈ ચુકવણી કરી નહોતી અને ફરાર થઇ ગયા છે.

# 5 દિવસમાં 450 નિર્ણય, ઠરાવો લખતાં સેક્રેટરી બ્રાંચને પરસેવો

**ટર્મ** પુરી થવાની હોવાથી તમામ કમિટીઓ સાથે સ્થાયી સમિતિ અને સામાન્ય સભા યોજાઈ હતી

સુરતઃ મહાનગરપાલિકામાં 2021માં ચૂંટાયેલા જનપ્રતિનિધીઓની પાંચ વર્ષની ટર્મ પૂર્ણ થઈ ગઈ હોવા છતાં છેલ્લાં દિવસોમાં થયેલી વહીવટી ફાઈલોની ફટાફટની અસર હજુ યથાવત જોવા મળી રહી છે. ટર્મ પૂરી થવા પહેલા એક જ અઠવાડિયામાં વિવિધ સમિતિઓની ઉપરાછાપરી બેઠકો યોજાઈ હતી, જેમાં મોટી સંખ્યામાં કામો મંજૂર કરવામાં આવ્યા હતા.

ગત તા.5 માર્ચે સોશિયલ વેલફેર, લાઈટ એન્ડ ફાયર અને ગાર્ડન સમિતિ, 6 માર્ચે સ્થાયી સમિતિ, 7 માર્ચે ગટર અને જાહેર બાંધકામ સમિતિ તથા 9 માર્ચે સ્થાયી, આરોગ્ય અને પાણી સમિતિની બેઠકો મળી હતી. અંતે 10 માર્ચે સામાન્ય સભા યોજાઈ હતી. માત્ર સ્થાયી સમિતિમાં જ 6 માર્ચે 99 અને 9 માર્ચે 220 મળી કુલ 312 કામો મંજૂર થયા હતા. અન્ય સમિતિઓ અને સામાન્ય સભા સાથે મળીને આંકડો લગભગ 450 પર પહોંચ્યો છે.

હવે આ તમામ કામોના ઠરાવ લખવાની પ્રક્રિયા ચાલી રહી હોવાથી સેક્રેટરી બ્રાન્ચના કર્મચારીઓ ભારે વ્યસ્ત બન્યા છે.

# દિલ્હી બાદ પશ્ચિમ ભારતનો સૌથી મોટો ઓટો એક્સ્પો સુરતમાં શરૂ

**70થી વધુ** બ્રાન્ડ્સ દ્વારા કાર, ટુ-વ્હીલર અને કોમર્શિયલ વાહનોનું પ્રદર્શન



સુરતઃ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા 'સુરત ઈન્ટરનેશનલ ઓટો એક્સ્પો-૨૦૨૬'નું તા.૧૩ માર્ચથી ૧૬ માર્ચ-૨૦૨૬ દરમિયાન સવારે ૧૦થી સાંજે ૭ કલાક સુધી સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એક્ઝિબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે આયોજન કરવામાં આવ્યું છે, જેનો શુક્રવારથી ભવ્ય શુભારંભ થયો હતો.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, ચેમ્બર માટે આજનો દિવસ ઐતિહાસિક દિવસ બની રહેશે. પશ્ચિમ ભારતનો દિલ્હી બાદ સૌથી મોટો ઓટો એક્સ્પો સુરતમાં યોજાયો છે. આ એક્સ્પોમાં દેશની અગ્રણી કંપનીઓ દ્વારા કાર, ટુ-વ્હીલર્સ, કોમર્શિયલ વ્હીકલ્સ અને લેટેસ્ટ વર્કશોપ ટેક્નોલોજીને પ્રદર્શન માટે મૂકી છે. કાર સેગમેન્ટ, ટુ વ્હીલર સેગમેન્ટ અને કોમર્શિયલ સેગમેન્ટની 70થી વધુ બ્રાન્ડ્સે એક્સ્પોમાં ભાગ લીધો છે.

ઓટો એક્સ્પોના ઉદ્ઘાટક એવા (VCCCI)ના ચેરમેન નીતિનભાઈ ડોસાએ ઓટો એક્સ્પોના આ ભવ્ય આયોજન માટે ચેમ્બર ઓફ કોમર્સને અભિનંદન પાઠવતા કહ્યું હતું કે, આ એક્સ્પોમાં ૧૧ જેટલી દુર્લભ વિન્ટેજ કાર પ્રદર્શનમાં મુકાઈ છે. ત્યારે આગામી સમયમાં સમગ્ર દેશના મહારાજાઓની વિન્ટેજ કારોનું અલગથી એક્ઝિબિશન સુરતમાં કરી શકાય તેમ છે, જેમાં મુંબઈથી ૧૫૦ વિન્ટેજ કાર ચલાવીને અમે લાવીશું.

પદ્મશ્રી સવજીભાઈ ધોળકિયાએ કહ્યું હતું કે, કેટલીક ગાડીઓ તેઓએ જીવનમાં પહેલી વખત અહીં જોઈ છે. એક્ઝિબિટર્સને સંબોધતા તેમણે કહ્યું હતું કે, તમે લોકોના ઘરમાં સુખ અને આનંદ પહોંચાડો છો, પરંતુ વાહન વેચાણ પછીની સર્વિસ પણ એટલી જ મહત્ત્વપૂર્ણ છે. ગ્રાહકોને સર્વિસ સારી મળશે તો બિઝનેસ બાય પ્રોડક્ટ તમને મળશે.

# કોર્ટના પાંચમાં માળેથી આરોપી ભાગતાં દોડધામ

**ભાગતા** આરોપીને પકડવા માટે દોટ લગાવતાં મહિલા પોલીસ કર્મચારી ફસડાઈ પડ્યા

**વકીલો** અને અન્ય લોકોએ આરોપીને પકડીને પોલીસને સોંપ્યો

સુરતઃ આજે કોર્ટ બિલ્ડિંગના પાંચમા માળેથી બપોરે ૩.૩૫ કલાકે એક આરોપીએ ભાગવા માટે દોટ મુકતાં ભારે દોડધામ મચી ગઈ હતી. છેક પાંચમા માળના પાછળના ભાગેથી નીચે સુધી ઉતરીને આરોપી નદી તરફના ભાગે ભાગવા જતા વકીલો તેમજ અન્ય હાજર લોકોએ ઝડપી પાડ્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર ચેક રિટર્ન કેસમાં વોરંટ ઈસ્યુ થતાં પોલીસ દ્વારા આરોપીને પકડીને આજે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. જ્યાં આરોપીને ચેક રિટર્નના કેસ અંગેની સુનાવણીમાં આરોપી પૈસા ભરવા માટે તૈયાર થયો હતો.પરંતુ આ દરમિયાન પોલીસ જાપ્તાનાં મહિલા પોલીસને પાણી પીવા જવાનું કહેતાં મહિલા પોલીસ તેને પાણી માટે કોર્ટ રૂમમાંથી બહાર લાવતા જ આરોપીએ દોટ મૂકી દીધી હતી. જેની પાછળ મહિલા પોલીસે આરોપી ભાગ્યોની બૂમ પાડી પાછળ દોડતા જમીન પર ફસડાઈ પડ્યા હતા. આરોપી પાંચમાં માળેથી પાછળનાં ભાગે દાદરથી નીચે સુધી પહોંચી નદી તરફનાં પાછળનાં ભાગે દોટ મૂકી હતી. જોકે આ દરમિયાન બુમાબુમ થઈ જતાં નીચે ઊભેલા વકીલો અને અન્ય લોકોએ ભાગતા આરોપીને ઝડપી પાડી જાપ્તા પોલીસને સોંપી દીધો હતો.

# જીએસટી ચોરી કેસમાં યતિન શાહની જામીન અરજી ફગાવાઈ

સુરતઃ જીએસટીએ ડ્યૂટી ચોરીના કેસમાં સુમતિ સિલ્વરનાં માલિક યતિન સુમતિભાઈ શાહની ધરપકડ કરવામાં આવી હતી. આ કેસમાં જામીન મુક્ત થવા આરોપીએ કોર્ટમાં જામીન અરજી રજૂ કરી હતી. ડીજીજીઆઈ તરફે ખાસ સરકારી વકીલ ઇમરાન મલેક હાજર રહી જામીન અરજીનો વિરોધ કર્યો હતો. સરકાર પક્ષે દલીલ કરાઈ હતી કે આરોપી સોના અને ચાંદીનાં આભૂષણ, સિક્કા ટેક્સ ઈન્વોઈસ વગર માલ વેચતા હતા અને જીએસટી ચોરી કરતા હતા. બંને પક્ષની દલીલો સાંભળ્યા પછી કોર્ટે આરોપીની જામીન અરજી નામંજૂર કરી હતી.